ડ્રીંક એન્ડ ડ્રાઈવ સહિતના કેસોને નાથવા પોલીસની કવાયતઃ

સલાયા મરીન પોલીસ દ્વારા સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ

(તસ્વીરઃ આનંદ લાલ)

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ રાણા તેમજ સ્ટાફ દ્વારા સલાયામાં થર્ટી ફર્સ્ટની ઉજવણીના અનુસંધાને ટ્રાફિક ઝુંબેશ ચલાવવામાં હતી. જેમાં વાહનચાલકો પાસેના લાયસન્સ, અન્ય દસ્તાવેજો ચેક કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગેરકાયદેસર માલની હેરાફેરી થતી અટકાવવા પૂરતી ચકાસણી કરવામાં આવી હતી. તેમજ ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસને નાથવા ડ્રાઈવરને પણ આલ્કોહોલ ડીટેક્ટ મશીન દ્વારા ચેક કરવામાં આવ્યા હતા. ટ્રાફિક નિયમોના ભંગ બદલ અનેક વાહનચાલકોને દંડ ફટકારાયો હતો.

એક શખ્સ સાથે થયેલા ઝઘડાનો ખાર રખાયોઃ

અગાઉના ઝઘડાનો ખાર રાખી કાલાવડમાં છતર ગામના યુવાન ઉપર ચારનો હુમલો

જામનગર તા. ૩૧: કાલાવડના છતરમાં રહેતા એક યુવાન સોમવારની રાત્રે કાલાવડના મગફળી ખરીદ કેન્દ્રમાં પોતાના વાહનમાં બેઠા હતા ત્યારે ત્યાં ધસી આવેલા ચાર અજાણ્યા શખ્સોએ તેઓને ધોકા-પાઈપથી હુમલો કરી જીવલેણ ઈજા પહોંચાડી હતી. થોડા દિવસ પહેલાં નાના પાંચદેવડા ગામના એક શખ્સ સાથે થયેલા ઝઘડાનો ખાર રાખી હુમલો કરાયાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

કાલાવડ તાલુકાના છતર ગામમાં રહેતા હાર્દિકભાઈ પરસોત્તમભાઈ તાળા ઉર્ફે ડિમ્પલભાઈ નામના યુવાન સોમવારની રાત્રે પોતાનું આઈશર લઈને કાલાવડમાં આવેલા મગફળી ખરીદ કેન્દ્રમાં આવ્યા હતા. જ્યાં તેઓ રાત્રે એકાદ વાગ્યે આઈશરમાં બેઠા હતા ત્યારે ચાર અજાણ્યા શખ્સ પાઈપ તથા ધોકા સાથે આવી ચઢ્યા હતા.

આ શખ્સોએ આઈશરમાંથી હાર્દિકભાઈને નીચે ખેંચી લઈ આઈશરની પાછળ લઈ જઈ પતાવી જ દેવો છે તેમ કહી જીવલેણ હુમલો કરી આડેધડ ફટકા મારવાનું શરૂ કર્યું હતું. આ શખ્સોએ હવે નાના પાંચદેવડા ગામના સાજીદ મલેક સાથે માથાકૂટ કરી તો પતાવી દઈશું તેવી ધમકી પણ આપી હતી. થોડા દિવસ પહેલાં હાર્દિકભાઈએ પોલીસમાં સાજીદ મલેક વિરૂદ્ધ કરેલી ફરિયાદનો ખાર રાખી તેણે આ હુમલાખોરોને મોકલ્યાની કેફિયત આપવામાં આવી છે.

૪૪૦૦ લીટર આથો, ૧૨૦ લીટર દારૂ કબજેઃ

ભાણવડના બરડા ડુંગરમાં સ્થાનિક પોલીસ તથા એલસીબી દ્વારા કોમ્બિંગઃ બે શખ્સ ફરાર

ભાણવડ તા. ૩૧: ભાણવડ નજીકના બરડા ડુંગરમાં ગઈકાલે સ્થાનિક પોલીસે એલસીબી ટીમને સાથે રાખી કરેલા કોમ્બિંગમાં કુલ ૪૪૦૦ લીટર આથો તથા ૧૧૦ લીટર દેશી દારૂ મળી આવ્યો છે. બે શખ્સ પોલીસને જોઈને નાસી ગયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પાસે આવેલા બરડા ડુંગરમાં ગઈકાલે સ્થાનિક પોલીસ તથા એલસીબી સ્ટાફે કોમ્બિંગ કર્યું હતું. જેમાં ધામણીનેસ પાસે બાવળની ઝાળીઓમાંથી બાબર ગલાભાઈ મોરી નામના શખ્સનો મનાતો ૨૨૦૦ લીટર આથો મળી આવ્યો હતો. ત્યાંથી ૫૦ લીટર તૈયાર દેશી દારૂ પણ ઝડપાયો હતો. દરોડા પહેલાં બાબર મોરી નાસી ગયો હતો.

ધામણીનેસમાંથી જ જીવણ ગલાભાઈ મોરી નામના શખ્સનો મનાતો ૨૨૦૦ લીટર આથો અને ૬૦ લીટર તૈયાર દારૂ કબજે કરવામાં આવ્યો છે. આ આરોપી પણ પલાયન થઈ ગયો છે.

સંક્ષિપ્ત સમાચાર

- ★ ભારતીય સેના રૂ. ૪૬૬૬ કરોડમાં કાર્બાઈન અને ટોર્પિડો ખરીદશે.
- ★ કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા કંપનીઓને અશ્લીલ કન્ટેન્ટ અંગે ચેતવણી જાહેર કરી.
- ★ જીમેલ આઈડી બદલનારને પણ જૂનો ડેટા નવા આઈડી પર મળશે. ગૂગલે નવી સુવિધા લોન્ચ કરી.
- ★ ગુજરાત નકલી ચલણી નોટનું એપીસેન્ટરઃ કોંગ્રેસ.
- ★ આસામ-ત્રિપુરામાંથી બાંગ્લાદેશ સાથે જોડાયેલા કટ્ટરપંથી જૂથો સાથે સંપર્ક ધરાવતા ૧૧ શકમંદોની ધરપકડ કરી.

જામનગરમાં તા. ૭ થી ૧૩ જાન્યુઆરી સુધી

સાધના કોલોની વેપારી એસો. દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

જામનગર તા. ૩૧: જામનગરના સાધના કોલોની વેપારી એસોસિએશન દ્વારા માનવજીવનની ઉન્નતિ તથા ભારતીય સંસ્કૃતિના સ્વજ્ઞ માટે તેમજ સમગ્ર પિતૃઓના મોક્ષાર્થે તા. ૭-૧-૨૬ થી તા. ૧૩-૧-૨૬ સુધી સાધના કોલોની, મહાદેવ મંદિર ચોકમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪-૧-૨૬ના સવારે ૭ વાગ્યાથી મહા વિષ્ણુ યજ્ઞ યોજાશે. કથા શ્રવણનો સમય બપોરે ૩.૩૦ વાગ્યાથી સાંજે ૬.૩૦ વાગ્યાનો રહેશે. વ્યાસાસને પૂ. સંત યોગીરાજ બ્રહ્મચારી બાપુ બિરાજી કથાનું રસપાન કરાવશે.

આણંદપર ચેકપોસ્ટ પરથી સ્કૂટરમાંથી મળ્યો દારૂઃ

જોડિયાના લીંબુડા-વાવડી રોડ પર દારૂની ૧૫૨ બોટલ સાથે પરપ્રાંતીયની અટકાયત

જામનગર તા. ૩૧: જોડિયાના લીંબુડા-વાવડી રોડ પરથી ગઈકાલે સ્થાનિક પોલીસે મૂળ મધ્યપ્રદેશના એક શખ્સને ઈંગ્લીશ દારૂની ૧૫૨ બોટલ સાથે ઠબોથી લીધો છે. વેચાણ માટે લાવવામાં આવેલા આ જથ્થાને કબજે કરાયો છે. કાલાવડની આણંદપર ચેકપોસ્ટ પાસેથી સ્કૂટરમાં લઈ જવાતી દારૂની ચાર બોટલ પકડાઈ છે અને જામનગરમાંથી પોલીસે દેશી દારૂની ભઠ્ઠી કબજે કરી છે.

જોડિયા તાલુકાના લીંબુડા ગામથી વાવડી ગામના રોડ પર ગઈકાલે એક શખ્સ ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે પસાર થઈ રહ્યો છે તેવી બાતમી મળતા જોડિયા પોલીસ સ્ટેશનના સ્ટાફે લીંબુડા-વાવડી રોડ પર વોચ ગોઠવી હતી.

તે દરમિયાન મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના મહુડી ગામનો વતની અને હાલમાં જામનગર તાલુકાના ખીમલીયા ગામમાં ભરતભાઈ મઘોડીયા નામના ખેડૂતના ખેતરમાં મજૂરીકામ કરતા ગૌરવ રમેશભાઈ પરમાર ઉર્ફે ગોરચંદ ભીલ નામના શખ્સને રોકી લેવામાં આવ્યો હતો. આ શખ્સની તલાશી લેવાતા તેની પાસેથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની પ્લાસ્ટિકની ૧૫૨ બોટલ મળી આવી હતી. અંદાજે રૂ.૭૬ હજારનો દારૂનો જથ્થો પોલીસે કબજે કરી ગોરચંદની પૂછપરછ કરતા તેણે આ જથ્થો વેચાણ માટે લાવ્યો હોવાની કબૂલાત કરી છે.

કાલાવડ નજીકની આણંદપર ચેકપોસ્ટ પાસેથી ગઈરાત્રે પસાર થતા એક એક્ટિવા સ્કૂટરને પોલીસે રોકાવી તેના ચાલક શિતલા કોલોનીવાળા મોઈન અનવરભાઈ મીયાવા ઉર્ફે સોનુની તલાશી લેતા તેની પાસેથી દારૂની ચાર બોટલ મળી આવી હતી.

જામનગરના રણજીતસાગર રોડ પર મારૂ કુંવરબેન રામભાઈ વિજાણી નામના મહિલાના મકાનમાં ગઈકાલે સાંજે પોલીસે દરોડો પાડતા ત્યાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે. આથો, તૈયાર દારૂ, ભઠ્ઠીના સાધનો કબજે કરાયા છે.

સપડાના તલાટીના મનસ્વી વર્તન અંગે રજુઆત

જામનગર તા. ૩૧: સપડા ગામના રણિરાજસિંહ પ્રતાપસિંહ કેર નામના ગ્રામજને સપડા ગામના તલાટી-કમ મંત્રીના મનસ્વી વર્તન અંગે રજુઆત કરી છે. અરજદારને મકાન અંગે લોન લેવા માટે ગ્રામ પંચાયતમાંથી મળવાપાત્ર જરૂરી દાખલા આ તલાટી-કમ-મંત્રી કાઢી આપતા નથી, અને અરજદારને હેરાન-પરેશાન કરવામાં આવે છે. સપડાના ગ્રામજનો સાથે પણ તેઓ ઉદ્ધતાઈભર્યું વર્તન કરતા હોય તેમના ત્રાસમાંથી મુક્ત કરવા માંગણી કરવામાં આવી છે.

મતવા મસ્જિદમાં ખત્મે ગૌષિયા

જામનગર તા. ૩૧: જામનગરમાં ચાંદીબજાર મતવા મસ્જિદમાં તા. ૩૧-૧૨-૨૦૨૫ ના ઈશા નમાઝ પછી હઝરત સલમાન ફારસી, હઝરત સરકારે કલા, હઝરત શકસ તબરેઝ, હઝરત મુસા સુહાગના ઉર્ષ નિમિત્તે ખત્મે ગૌષિયાની નુરાની મહેફિલ રાખેલ છે. સર્વે સુન્ની-મુસ્લિમ બિરાદરોએ પધારવા મતવા મસ્જીદના ખાદીમ કાસમ સતાર ફૂલવારાએ જણાવેલ છે.

બાળકોના હૃદયરોગના નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી આપના શહેર જામનગરમાં

તારીખઃ 02 જાન્યુઆરી, શુક્રવાર

બપોરે 03:00 થી સાંજે 05:00 વાગ્યા સુધી

ઓપીડી સ્થળઃ JCC હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, પાંચમો માળ, પ્રાઈમ પેરેડાઈસ, 64 દિગ્વિજય પ્લોટ કોર્નર, જોલી બંગલા પાસે, જામનગર.

ડો. નિહાર પાઠક

DNB (Paediatrics), DrNB (Paediatric Cardiology)
Former Paediatric Cardiologist, U. N. Mehta Institute, Ahmedabad
કન્જાઈન્ટ, રિધમાટ્રિક, ફિટલ અને સ્ટ્રકચરલ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ

નામ લખાવવા અને વધુ માહિતી માટે સંપર્ક કરોઃ 95740 00696

:: પટાવાળા કમ ચોકીદાર જોઈએ છે ::

શ્રી હાલારી વિશા ઓશવાળ મહાજનવાડી ખંભાળીયાના નાકા બહાર જામનગર ખાતે ચોવીસ કલાક માટે પટાવાળા કમ ચોકીદારની જરૂરિયાત છે, જેમને લખતા વાંચતા આવડતું હોય તથા સાયકલ ચલાવી શકતા ૪૦ વર્ષ થી ૬૦ વર્ષની ઉમર ધરાવતા હોય તેઓ પોતાના સ્વઅક્ષરે અરજી લખી સાથે પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ અને આધાર કાર્ડની ઝેરોક્ષ જોડી સંસ્થાની ઓફિસે દિવસ-૫ માં સાંજે ૦૬:૦૦ થી ૦૮:૩૦ વાગ્યા સુધી પોતાની અરજી રૂબરૂ આપી જવી.

રોશન સોમચંદ શાહ
માનદમંત્રી, શ્રી હાલારી વિશા ઓશવાળ મહાજન, જામનગર

SHREE DIGVIJAY CEMENT COMPANY LIMITED

Registered Office: Digvijaygram via Jamnagar, Jamnagar, Gujarat, 361140 India;
TEL: 0288-2344272/75; **FAX**: 0288-2344092; **WEBSITE**: www.digvijaycement.com;
EMAIL ID: investors.sdcl@digvijaycement.com; **Corporate Identification Number**: L26940GJ1944PLC000749

Recommendations of the Committee of Independent Directors ("**IDC**") of Shree Digvijay Cement Company Limited ("**Target Company**") on the Open Offer (as defined below) by India Resurgence Fund – Scheme 1 ("**Acquirer 1**"), India Resurgence Fund 2 – Scheme 2 ("**Acquirer 2**") and India Resurgence Fund 2 – Scheme 4 ("**Acquirer 3**") (Acquirer 1, Acquirer 2, and Acquirer 3 to be collectively referred to as "**Acquirers**") to the Public Shareholders (as defined in the Letter of Offer dated December 26, 2025 ("**LOF**")) of the Target Company, under Regulation 26(7) of Securities and Exchange Board of India (Substantial Acquisition of Shares and Takeovers) Regulations, 2011 and subsequent amendments thereto ("**SEBI (SAST) Regulations**").

1	**Date**	December 30, 2025
2	**Name of the Target Company (TC)**	Shree Digvijay Cement Company Limited
3	**Details of the Offer pertaining to TC**	The open offer is being made by the Acquirers for acquisition of up to 3,85,43,837 (three crores eighty five lakhs forty three thousand eight hundred thirty seven) fully paid-up equity shares having face value of INR 10/- (Indian Rupees ten only) ("**Equity Shares**"), representing 26.00% (twenty six percent) of the Expanded Share Capital (*as defined in the LOF*) from the Public Shareholders of the Target Company ("**Open Offer**"), at a price of INR 92.20/- (Indian Rupees ninety two and twenty paise only) per Equity Share ("**Offer Price**"). The public announcement dated September 04, 2025 ("**PA**"), the detailed public statement published on September 11, 2025 ("**DPS**"), the corrigendum to the DPS published on December 18, 2025 ("**Corrigendum**"), the draft letter of offer dated September 17, 2025 ("**DLOF**") and the LOF have been issued by Axis Capital Limited, the Manager to the Open Offer, on behalf of the Acquirers.
4	**Name(s) of the acquirer**	**Acquirer 1**: India Resurgence Fund – Scheme 1 **Acquirer 2**: India Resurgence Fund 2 – Scheme 2 **Acquirer 3**: India Resurgence Fund 2 – Scheme 4
5	**Name of the Manager to the offer**	**Axis Capital Limited** 1st Floor, Axis House, P. B. Marg, Worli, Mumbai - 400 025, Maharashtra, India. **Tel**: +91 22 4325 2183; **Fax**: +91 22 4325 3000 **E-mail**: digvijaycement.openoffer@axiscap.in **Contact Person**: Pratik Podnekar **SEBI Registration No.**: INM000012029
6	**Members of the Committee of Independent Directors (Please indicate the chairperson of the Committee separately)**	(a) Mr. Mahesh Gupta - Chairperson; (b) Ms. Mitu Samarnath Jha - Member; and (c) Mr. Satish Kulkarni - Member. All members of the IDC were present at the meeting and the recommendations were approved unanimously by them.
7	**IDC Member's relationship with the TC (Director, Equity shares owned, any other contract / relationship), if any**	All the members of the IDC are non-executive independent directors on the Board of the Target Company. None of the members of the IDC hold any Equity Shares/ securities of the Target Company. None of the members of the IDC have entered into any contract or have any relationship with the Target Company, except as directors on the Board of the Target Company or as members/ chairperson of committees of the Board of the Target Company.
8.	**Trading in the Equity shares/ other securities of the TC by IDC Members**	None of the members of the IDC has traded in any of the Equity Shares/ securities of the Target Company during the: (a) 12 month period preceding the date of the PA; and (b) period from the date of the PA and till the date of this recommendation.
9.	**IDC Member's relationship with the acquirer (Director, Equity shares owned, any other contract / relationship), if any**	None of the members of the IDC: (a) are directors on the boards of the Acquirers; (b) hold any equity shares or other securities of the Acquirers; and (c) have any contracts / relationship with the Acquirers.
10.	**Trading in the Equity shares/ other securities of the acquirer by IDC Members**	The Acquirers, being schemes of their respective trusts, do not have any share capital and are not listed on any stock exchanges in India or abroad. Accordingly, none of the members of the IDC have traded in any of the equity shares/ securities of the Acquirers during the: (a) 12 months period preceding the date of the PA; and (b) period from the date of the PA and till the date of this recommendation.
11.	**Recommendation on the Open offer, as to whether the offer is fair and reasonable**	Based on a review of the relevant information (as set out in the summary of reasons for recommendation below), the IDC is of the opinion that the Offer Price of INR 92.20/- (Indian Rupees ninety two and twenty paise only) per Equity Share is in accordance with the applicable regulations of the SEBI (SAST) Regulations and appears to be fair and reasonable.
12.	**Summary of reasons for recommendation**	The IDC has perused the PA, DPS, DLOF, Corrigendum and LOF issued by the Manager to the Open Offer on behalf of the Acquirers, in connection with the Open Offer. IDC has also perused the valuation report dated December 29, 2025 of the Equity Shares of the Target Company prepared by Beeline Capital Advisors Private Limited, SEBI Registered Category I Merchant Banker, pursuant to Regulation 8(2) of SEBI (Substantial Acquisition of Shares and Takeovers) Regulations, 2011. The recommendation of the IDC set out in the paragraph above is based on the following: (a) The Offer Price is in accordance with Regulation 8(2) of the SEBI (SAST) Regulations; (b) The Offer Price is higher than the highest negotiated price for acquisition of Equity Shares by the Acquirers i.e., INR 86.70/- (Indian Rupees eighty six and seventy paise only) per Equity Share; and (c) The Equity Shares of the Target Company are frequently traded in terms of Regulation 2(1)(j) of the SEBI (SAST) Regulations. The Offer Price is higher than the volume-weighted average market price of the Equity Shares during the period of 60 (sixty) trading days immediately preceding the date of the PA, as traded on the National Stock Exchange of India Limited ("**NSE**") (the stock exchange with maximum volume of trading during such period), i.e., INR 91.96/- (Indian Rupees ninety one and ninety six paise only) per Equity Share. This is an Open Offer for acquisition of publicly held Equity Shares. The Public Shareholders have an option to tender the Equity Shares held by them or remain Public Shareholders in the Target Company. The Public Shareholders of the Target Company are advised to independently evaluate the Open Offer and the market performance of the Target Company's scrip and take an informed decision about tendering the Equity Shares held by them in the Open Offer. This statement of recommendation will be available on the website of the Target Company at www.digvijaycement.com.
13.	**Disclosure of the Voting Pattern**	The recommendations were unanimously approved by the members of IDC.
14.	**Details of Independent Advisors, if any.**	**Beeline Capital Advisors Private Limited**. SEBI Registered Cat I Merchant Banker SEBI Registration No: INM000012917 Address: B/1311-1314, Shilp Corporate Park, Near Rajpath Club, Rajpath Rangoli Road, Sarkhej - Gandhinagar Hwy, Ahmedabad, Gujarat 380054
15.	**Any other matter(s) to be highlighted**	The IDC would like to draw attention to the closing market price of the Equity Shares on BSE Limited and NSE as on December 29, 2025, being INR 91.08 per Equity Share and INR 91.04 per Equity Share, respectively, which is lower than the Offer Price.

To the best of our knowledge and belief, after making proper enquiry, the information contained in or accompanying this statement is, in all material respect, true and correct and not misleading, whether by omission of any information or otherwise, and includes all the information required to be disclosed by the Target Company under the SEBI (SAST) Regulations.

For and on behalf of the Committee of Independent Directors of Shree Digvijay Cement Company Limited
Sd/-
Mahesh Gupta
Chairperson - Committee of Independent Directors
DIN: 00046810

Place: Mumbai
Date: December 30, 2025

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

PGVCL

શહેર વિભાગ – ૨

શહેર-૨ વિભાગીય કચેરી, જૂના પાવર હાઉસ કમ્પાઉન્ડ, જેએમસી બિલ્ડીંગ સામે, લાલ બંગલા પાસે, જામનગર-૩૬૧૦૦૧
ફોન નં. (૦૨૮૮) ૨૫૫૦૩૫૫ - ૨૫૫૦૨૧૨

તા.૩૧-૧૨-૨૦૨૫

:: પાવર બંધ રહેવાની નોટીસ ::

આથી વીજ પુરવઠો મેળવતા અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે વીજ લાઈનની અગત્યની કામગીરી માટે નીચે દર્શાવેલ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે. કામગિરી પૂર્ણ થયે, નિયત સમયથી પહેલા પણ, કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો પુર્વવત કરી દેવામાં આવશે.

તા.૦૨-૦૧-૨૦૨૬ : શુક્રવાર : સમયઃ ૭:૦૦ થી ૧૪:૦૦ સુધી

૧) જેલર રોડ ફીડરઃ શંકરના મંદિર વારો વિસ્તાર, પંચશીલ નગર, શાસ્ત્રીનગર, રણાનગર, વજીરપરા, સુભાષપરા-૨, મોલેટ્રી ગેઈટની આસપાસનો વિસ્તાર, પ્રેમચંદશેઠ કોલોની, કુંવરબાઈ ધર્મશાળા, સેન્ટર જેલ વિગેરે વિસ્તાર.

૨) વલ્લભનગર ફીડરઃ રામનગર, વલ્લભનગર, ૪૯ દિગ્વિજય પ્લોટ મેઈન રોડ, નહેરૂનગર, સિધ્ધાર્થ કોલોની વિગેરે વિસ્તાર.

૩) ઈન્ફન્ટરી ફીડરઃ એમ.ઈ.એસ. કોલોની, આર્મી એરિયા વિગેરે વિસ્તાર.

તા.૦૩-૦૧-૨૦૨૬ : શનિવાર : સમયઃ ૭:૦૦ થી ૧૪:૦૦ સુધી

૪) રીંગ-૧ ફીડરઃ મીગકોલોની, લાખોટા તળાવ આસપાસનો વિસ્તાર, પ્લોટ પોલીસયોકીથી ખંભાળિયા ગેઈટ સુધીનો બેય બાજુનો વિસ્તાર, દિગ્વિજય પ્લોટ નં. ૧ થી ૧૬, શેઠ ભગવાનદાસ રોડ, નગરપરા ૧ અને ૨, દ્વારકાપૂરી રોડ વિગેરે વિસ્તાર.

JCD-2/T2/SHUTDOWN/6562 DATE: 31-12-2025

નાયબ ઈજનેર,
ખંભાળીયા ગેઈટ સ.ડી., જામનગર

સમારકામ માટે

આઈ.એન.એસ. વાલસુરા જામનગર ખાતે દુકાનોની ફાળવણી માટે ની જાહેર નિવિદા શોર્ટ ટેન્ડરીંગ

૧. કમાન્ડીંગ ઓફીસર આઈ.એન.એસ. વાલસુરા દ્વારા નીચે મુજબની વધુ સેવાદુકાનો માટે સીલબંધ કવરમાં નિવિદા મંગાવવામાં આવે છે.

અનુ. નં.	દુકાન / સેવાની વિગત / પ્રકાર	જે વિસ્તારમાં દુકાન આવેલ છે તે વિસ્તારનું નામ	મૂળ કિંમત (રૂપિયા)	EMD (રૂપિયા)	દુકાન સેવાઓની ફાળવણીની કામ વાળી તારીખ	રિમાર્કસ
1.1	કુરીયર સર્વિસીઝ	-	1458	3000	ટેન્ડર પોસ્ટરના સફળ એવોર્ડ સાથે	Open for all
1.2	દરજી શોપ	P-139/01, Living Market	12849	10000	ટેન્ડર પોસ્ટરના સફળ એવોર્ડ સાથે 31 Dec 25	ESM Only
1.3	મોબાઈલ રીપેરીંગ એક્સેસરીઝ શોપ અને ડીજીટલ ફોટો સ્ટુડીયો	P-543/08, Dwarika Complex	2957	3000	ટેન્ડર પોસ્ટરના સફળ એવોર્ડ સાથે	ESM Only
1.4	વેજીટેબલ અને ફ્રુટ શોપ	P-275/15 Tripti Market	6822	10000	ટેન્ડર પોસ્ટરના સફળ એવોર્ડ સાથે	ESM Only
1.5	RTO સર્વિસીઝ	-	1260	3000	વર્તમાન કરારની સમાપ્તિ પછી ટેન્ડરના સફળ વિતરણ સાથે	ESM Only

૨. નિવિદા પત્રકો અને શરતો તથા વધુ દુકાન માટે ના નિયમો એસ્ટેટ ઓફીસ (મો.નં. 9997940475) પાસેથી દરેક કામકાજના દિવસોમાં 1500 કલાકથી 1630 કલાક દરમ્યાન તા. 30 ડિસેમ્બર 25 થી 05 જાન્યુઆરી 26 સુધી મળી શકશે, નિવિદા પત્રકોના સીલ બંધ કવર મુલાકાતની રૂમ પાસેની નિવિદા પેટીમાં 26 ડિસેમ્બર 25 ના 1500 કલાક સુધી સ્વીકારવામાં આવશે, નિવિદા પત્રકો 05 જાન્યુઆરી 26 ના રોજ 1530 કલાકે મેઈન ગેઈટ પાસે, વિઝીટર રૂમ, આઈ.એન.એસ. વાલસુરા ના સ્થળ ઉપર ખોલવામાં આવશે, અરજી કરવાના ફોર્મની કિંમત રૂ.૨૦૦/- (માત્ર બસો રૂપિયા). ટેન્ડર ખોલવાના સમયે અરજદાર (બિડર) / બીડ રીલેશન ધાણ વ્યકિત / અધિકૃત પાત્ર વ્યવહાર પ્રતિનિધીએ ઓળખકાર્ડ સાથે તે સમયે હાજર રહેવું જરૂરી, જો હાજર ન રહો તો વ્યકિતગત બોલી રદ ગણવામાં આવશે. આ બાબતને લગતા તમામ નિર્ણયો માટે કમાન્ડીંગ ઓફિસર આઈ.એન.એસ. વાલસુરાનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.

૩. બોલી લગાવનાર વ્યકિતએ નીચેના મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી છે.

૩.૧ દુકાન ફાળવવા માટે વેપારીઓએ વ્યવસ્થા ડીડ / એફીડેવીટ સબમિટ કરવાનું રહેશે.

૩.૨ રવિવાર સિવાય, જ્યારે દુકાનો પૂર્વ પરવાનગી સાથે બંધ રહી શકે છે, ત્યારે વ્યવસાયના કલાકો દરરોજ સવારે ૦૮:૦૦ થી સાંજે ૦૮:૦૦ વાગ્યા સુધી છે. ફાસ્ટ ફૂડ ની દુકાનો ૨૧.૩૦ વાગ્યા સુધી ચાલી શકે છે.

૩.૩ બાયા વિક્રેતાઓએ પ્રતિબંધિત વિસ્તારો અને હિલચાલ મર્યાદાઓ સહિત સલામતી અને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે.

૩.૫ વેપારીઓએ પ્રવર્તમાન બજાર ભાવે ચીજવસ્તુઓ વેચવાની રહેશે અને કિંમતો વહીવટ દ્વારા મંજૂર કરવામાં આવે છે / કોન્ટ્રાક્ટરમાં ઉલ્લેખિત છે અને SAC માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

(ઉદિત ગીલ) કમાન્ડર
ઓબાઈ/સી શોપીંગ કોમ્પલેક્ષ (AOL)
કમાન્ડીંગ ઓફીસર
29 Dec 25